# ગીર સોમનાથ જિલ્લામાં બૌદ્દિધક અસમર્થતા ધરાવતા(મનોદિવ્યાંગ) વ્યકિતને આર્થિક સહાય આપવાની યોજના

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી પ્રદ્યુમન ગનુભાઈ વાજા (કોડીનાર)**

## અગ્રતાક્રમ નં. ૧૩

**પ્રશ્નઃ– ૧** બૌદ્દિધક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જીલ્લામાં **તાલુકાવાર** કેટલી અરજીઓ મળેલ, તેમાંથી **કેટલી અરજીઓ મંજુર** કરવામાં આવેલ અને **કેટલી રકમ** ચૂકવવામાં આવી? (પ્રદ્યુમનભાઈ વાજા)

**પ્રશ્નઃ– ૨** બૌદ્દિધક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની આપવાની યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા **ત્રણ નાણાકીય વર્ષમાં** કેટલા લાભાર્થીઓને **કેટલી સહાય** ચૂકવવામાં આવી? (સંજયભાઈ કોરડીયા)

**પ્રશ્નઃ– ૩** બૌદ્દિધક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં માં ફાળવેલ **ભૌતિક લક્ષ્યાંક** કેટલો હતો અને તેની સામે કેટલા લાભાર્થીઓને **લાભ** આપવામાં આવ્યો ? (ભગવાનજીભાઈ કરગટીયા)

# 13

**ગીર સોમનાથ જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય**

*15/4/1320 **શ્રી ડો.પ્રદ્યુમનભાઇ ગનુભાઇ વાજા** (કોડીનાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ–૨૦૨૩ માં બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) | ૪૬૮ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૪૬૮ |
| (૩) | તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૩) | ૩૦,૭૬,૦૦૦ |

--------------------

**પ્રશ્ન : ૧** બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જીલ્લામાં **તાલુકાવાર** કેટલી અરજીઓ મળેલ, તેમાંથી **કેટલી અરજીઓ મંજુર** કરવામાં આવેલ અને **કેટલી રકમ** ચૂકવવામાં આવી?

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજી | ચુકવેલ સહાયની કુલ રકમ (લાખમાં) |
|---|---|---|---|
| વેરાવળ | ૧૧૬ | ૧૧૬ | ૭.૫૩ |
| સુત્રાપાડા | ૭૫ | ૭૫ | ૪.૨૮ |
| કોડીનાર | ૯૯ | ૯૯ | ૬.૯૪ |
| તાલાળા | ૩૩ | ૩૩ | ૨.૩૧ |
| ઉના | ૯૧ | ૯૧ | ૫.૭૯ |
| ગીર ગઢડા | ૫૪ | ૫૪ | ૩.૯૧ |
| **કુલ** | **૪૬૮** | **૪૬૮** | **૩૦.૭૬** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન : ૨** બૌદ્દિધક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની આપવાની યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા **ત્રણ નાણાકીય વર્ષમાં** કેટલા લાભાર્થીઓને **કેટલી સહાય** ચૂકવવામાં આવી?

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

બૌદ્દિધક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં **છેલ્લા ત્રણ વર્ષમાં ૪૬૩૧૯ લાભાર્થીઓને રૂપિયા ૬૮૯૬.૩૩ લાખની** સહાય ચુકવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ. લાખમાં ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૭૫૨૯ | ૩૧૮.૯૪ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૨૫૦૭૫ | ૨૦૫૭.૬૫ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૪૬૩૧૯ | ૪૫૯૧.૭૪ |
| | | **કુલ** | **૬૮૯૬.૩૩** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન : ૩** બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં માં ફાળવેલ **ભૌતિક લક્ષ્યાંક** કેટલો હતો અને તેની સામે કેટલા લાભાર્થીઓને **લાભ** આપવામાં આવ્યો?

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

- બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા **વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૫૭૫ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૭૫૨૯** લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો.
- બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા **વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૬૯૧૦ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૨૫૦૭૫** લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો.
- બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા **વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૪૦૪૮ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૪૬૩૧૯** લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો.

મુખ્ય પેજ પર જવા માટે

# પૂરક નોંધ

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૨૦

## વિગત:- બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય યોજના

**આ યોજનાની હાલની વિગતો**

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ-૧ તા.૧૮/૦૭/૨૦૨૦ના ઠરાવથી ૮૦ ટકાથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવક મર્યાદાના બાધ સિવાય માસિક રૂ ૧૦૦૦/- સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી.
- **હેતુ**

  માનસિક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ કે જે પોતાની રોજબરોજની પ્રવૃતીઓ સ્વતંત્ર રીતે કરી શકતા નથી તેઓને માસિક સહાય પુરી પાડી તેઓના પરીવારજનોને તેઓની સારસંભાળ પાછળ થતા ખર્ચમા રાહત આપવાનો આ યોજનાનો મૂળ હેતુ છે.

**આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા**

- ૫૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા, સેરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ પ્રકારની દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર છે.
- ૦ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.

**આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય**

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. ૧૦૦૦/- સહાય મળવાપાત્ર છે.

**આ યોજનાનાં અરજી પત્રક**

- આ યોજના હેઠળ અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ રજુ કરવામાં આવે છે. જેની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.

**સહાય કેવી રીતે આપવામાં આવે છે.**

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ.૧૦૦૦/- સહાય લાભાર્થીના બેંક એકાઉન્ટમાં DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) મારફતે રાજય કક્ષાએથી જમા કરવામાં આવે છે.

## યોજનાની શરૂઆતથી અત્યાર સુધીની વિગતો

| ક્રમ | વર્ષ | ઠરાવની તારીખ | ઠરાવની મુખ્ય વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ૧૮/૦૭/૨૦૨૦ | • ૮૦ ટકાથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવક મર્યાદાના બાધ સિવાય માસિક રૂ ૧૦૦૦/– સહાય આપવા.<br>• ૮૦ ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિ<br>• ૦ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.<br>• માનસિક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ કે જે પોતાની રોજબરોજની પ્રવૃતીઓ સ્વતંત્ર રીતે કરી શકતા નથી તેઓને માસિક સહાય પુરી પાડી તેઓના પરીવાર જનોને તેઓની સારસંભાળ પાછળ થતા ખર્ચમા રાહત આપવાનો આ યોજનાનો મૂળ હેતુ છે |
| ૨ | ૨૦૨૦ | ૨૪/૧૧/૨૦૨૦ | • ૮૦ ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતાને બદલે ૮૦ ટકા કે તેથી વધુ મંદબુધ્ધી ધરાવતા દિવ્યાંગોને લાભ આપવાનો રહેશે એમ ઠરાવવામાં આવ્યુ.<br>• આ યોજના હેઠળ લાભાર્થીઓને સહાય ડી.બી.ટી થી સીધા જ તેઓના બેંક ખાતામાં આપી શકાય તે હેતુથી N.S.A.P MIS સોફ્ટવેરમાં સમાવેશ કરવાનું ઠરાવવામાં આવ્યું. |

| | | | |
|---|---|---|---|
| | | | • આ યોજનાનો N.S.A.P MIS સોફ્ટવેરમાં સમાવેશ થાય ત્યા સુધી (૧) સંત સુરદાસ યોજના અને (૨) ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન યોજનાઓ હેઠળ હાલમાં લાભ લઈ રહેલ મેન્ટલ રીટાર્ડેશન / બૌદ્ધિક અસમર્થતા દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને ઉપરોક્ત બંન્ને યોજના હેઠળ માસિક રૂ.૬૦૦/- લાભ આપવાનું ચાલુ રાખી બાકીની સહાય રૂ.૪૦૦/- જિલ્લા કક્ષાએથી NEFT થી ડાયરેક્ટ લાભાર્થીના ખાતામાં ચુકવવાની રહેશે એમ ઠરાવવામાં આવ્યુ.<br>• સદર નવી યોજના N.S.A.P પોર્ટલ પર એપ્રુવ કરવાની કામગીરી પૂર્ણ થયેથી જે લાભાર્થીઓને આ નવી યોજના હેઠળ ભારત સરકાર દ્વારા આપવામાં આવતી રૂ. ૩૦૦/- ની સહાય મળવાપાત્ર થાય , તેમને આવરી લેવા તેમજ તમામ લાભાર્થીને રાજ્ય કક્ષાએથી ડીબીટીથી માસિક સહાય ચુકવવાની રહેશે એમ ઠરાવવામાં આવ્યું. |
| **૩** | **૨૦૨૧** | ૧૮/૦૩/૨૦૨૧ | • આ યોજનાનું નામ બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય (Financial Assistance To Persons With Intellectual Disability(Mental Subnormality)) નક્કી કરવામાં આવ્યું. |

| | | | |
|---|---|---|---|
| **૪** | **૨૦૨૧** | ૦૩/૦૬/ ૨૦૨૧ | • **આ યોજનામાં બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યકિતોને આર્થિક સહાય આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવામાં આવી તેમજ નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળની સૈરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતી) પ્રકારની દિવ્યાંગતા ઉમેરી, ઉક્ત ત્રણેય પ્રકારની દિવ્યાંગતા ધરાવતી માસિક રૂ. ૧૦૦૦/– પેન્શન આપવાનું ઠરાવવામાં આવેલ છે.** |
| **૫** | **૨૦૨૧** | ૦૮/૦૯/૨૦૨૧ | • **આ યોજના માટે** Director social defence (Financial Assistance to persons with intellectual disability (mental subnormaltiy) **નામનું ખાતું** State Bank Of India, **માં ખોલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.** |
| **૬** | **૨૦૨૨** | ૨૧/૦૪/૨૦૨૨ | • **આ યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવામાં આવેલ છે.** |

**આ યોજનાની પાત્રતાનાં ધોરણોમાં ક્યારે ક્યારે સુધારો કરવામાં આવ્યો ?**

- **તા. ૦૩/૦૬/૨૦૨૧ થી દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવામાં આવેલ છે.**
- **તા. ૨૧/૦૪/૨૦૨૨ થી દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવામાં આવેલ છે.**